**નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી/અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓને માન્યતા આપવા બાબત.**

ગુજરાત સરકાર

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

ઠરાવ ક્રમાંકઃ DST/MSC/e-file/24/2024/0916/E-Governance

સચિવાલય, ગાંધીનગર

તારીખ 05 MAR 2026

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક: GS/2006/31/ખતપ/102005/1519/K

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫ /૧૫૩૨/ક

(3) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા.૦૧/૦૨/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક : ટીઆરજી/૧૩૨૦૦૬/૨૩૩૯/આઇટી

(૪) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા.૦૨/૦૮/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: ટીઆરજી/૧૩૨૦૦૯/UOR-94/આઇટી

(૫) નિયામક આઇ.સી.ટી. અને ઇ-ગવર્નન્સની કચેરીનો તા.૩૦/૦૪/૨૦૨૫ તથા તા.૨૩/૦૬/૨૦૨૫નો પત્ર ક્રમાંક: ICT/GCR/e-file/258/0175/Admin

<u>આમુખ:</u>

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામે દર્શાવેલ જાહેરનામાથી બહાર પડાયેલ " કૉમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ " ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ માટે સીધી ભરતી/બઢતીથી નિમણૂંક પ્રસંગે, કોમ્પ્યુટર કૌશલ્ય સંબંધિત CCC/CCC+ પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત બનાવાયેલ છે અને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામે દર્શાવેલ ઠરાવથી " કૉમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષા કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેમના વિવિધ ઠરાવોથી કૉમ્પ્યુટર કૌશલ્યની CCC/ CCC+ ની તાલીમ અને

પરીક્ષા માટે સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા હેઠળનાં કેન્દ્રો, ગુજરાત કાઉન્સીલ ઑફ વોકેશનલ ટ્રેઈનીંગ સંચાલિત આઈ.ટી.આઈ. કેન્દ્રો, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હેઠળનાં કેન્દ્રો , ટેકનીકલ પરીક્ષા બોર્ડ હેઠળની ઈજનેરી કૉલેજો/સરકારી પોલીટેકનીક વગેરેને તાલીમ અને પરીક્ષા કેન્દ્રો તરીકેની માન્યતા આપવામાં આવેલી છે.

રાજ્ય સરકારના કર્મચારીઓ / અધિકારીઓની વિશાળ સંખ્યાને ધ્યાને લઇને, આ વિભાગના તાઃ૦૧/૨/૨૦૦૮ ના વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ ઠરાવથી, સરકારી અધિકારી/કર્મચારીઓને કોમ્પ્યુટર કૌશલ્ય સંબંધિત CCC/CCC+ તાલીમ આપવા માટે ખાનગી તાલીમ સંસ્થાઓને પણ માન્યતા આપવામાં આવેલી છે તથા આ વિભાગના તા.૦૨/૦૮/૨૦૨૨ ના વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામે દર્શાવેલ ઠરાવથી, નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારી / અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્ય CCC/CCC+ ની તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓની માન્યતાની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ, જેની માન્યતાની મુદ્દત પૂર્ણ થયેલ હોઈ, આ મુદ્દત લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે, નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ /અધિકારીઓને કૉમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ ની તાલીમ આપવા માટે, આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી સંસ્થાઓને તાલીમ કેન્દ્રો તરીકે તા.૩૧/૧૨/૨૦૨૭ સુધી માન્યતા આપવાનું આથી ઠરાવવામાં આવે છે અને આવા કર્મચારીઓને તાલીમ આપવા માટે નીચેની વ્યવસ્થા કરવાનું પણ ઠરાવવામાં આવે છે;

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી સંસ્થાઓને તા.૩૧/૧૨/૨૦૨૭ સુધી તાલીમની કામગીરી માટે માન્યતા આપવામાં આવે છે.

(૨) રાજ્ય સરકારનાં નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓ, આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ પાંચ ખાનગી તાલીમી સંસ્થાઓમાંથી તેમની પસંદગીની કોઇપણ તાલીમી સંસ્થામાં કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની **CCC/CCC+** માટેની તાલીમ લઈ શકશે.

(૩) પરિશિષ્ટમાં દર્શાવેલ સંસ્થાઓ પૈકીની સંસ્થામાંથી નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓએ તાલીમ લીધેલ હશે તો તેઓએ આ અંગે ફી પેટે તાલીમ સંસ્થાને જે રકમ ચૂકવી હશે તે રકમ અથવા **CCC** ની તાલીમ માટે માટે ઠરાવેલ ફી પેટે રૂ.૯૦૦/- અને **CCC+** ની તાલીમ માટે ઠરાવેલ ફી પેટે રૂ.૧૮૦૦/- પૈકી જે રકમ ઓછી હશે તેટલી રકમ જે તે અધિકારી/કર્મચારીએ સબંધિત તાલીમ સંસ્થાને ચૂકવેલ ફી ની પહોંચ રજૂ કરતાં, તેમની કચેરીમાંથી reimburse કરવાની રહેશે.

(૪) ખરેખર ખર્ચની મર્યાદામાં **CCC** ની તાલીમ માટે રૂ.૯૦૦/- અને **CCC+** ની તાલીમ માટે રૂ.૧૮૦૦/-પૈકી જે ઓછું હશે તેટલી રકમનું reimbursement, જે તે અધિકારી/કર્મચારી આ અંગે આઈ.ટી.આઈ./સ્પીપા/ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ અથવા સરકાર દ્વારા પરીક્ષા સંસ્થા તરીકે માન્યતા પ્રાપ્ત સંસ્થા મારફત પરીક્ષા પાસ કર્યા બાદ જ અને પોતાની

સેવાકાળ દરમ્યાન માત્ર એક વખત મેળવી શકશે. અધિકારી/કર્મચારી તાલીમ તથા પરીક્ષા તેઓ ઈચ્છે તેટલી વાર તેઓના ખર્ચે આપી શકશે. પરંતુ તેઓને રીઈમ્બર્સમેન્ટ ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે.

(૫) અસ્થિવિષયક ખામી ધરાવતા અને બધિર કર્મચારીઓ/અધિકારીઓ ઉપર આમુખના ફકરા-૨ માં ઉલ્લેખિત સંસ્થાઓ અથવા આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ સંસ્થાઓમાંથી, ગમે તે એકમાં તેમની ઈચ્છા મુજબ તાલીમ લઈ શકશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વિભાગ/કચેરી/સંસ્થાના બજેટમાં આઈ.ટી. સદરે થયેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ અત્રેના વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર તા.૨૫/૦૨/૨૦૨૬ ની નોંધથી મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર. સી. દેસાઇ)**
નાયબ સચિવ,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (વિ. અને પ્રૌ.)ના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- તમામ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , રાજકોટ / અમદાવાદ
- સર્વે અધિકારીશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ક શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિયામક આઇ.સી.ટી. અને ઈ-ગવર્નન્સની કચેરી, ગાંધીનગર
- સિલેક્ટ ઓર્ડર ફાઇલ

## પરિશિષ્ટ

**નેત્રહિન અને વિકલાંગ સરકારી કર્મચારી/અધિકારીઓ માટે CCC/CCC+ ની તાલીમ માટે તા.૦૫/૦૩ /૨૦૨૬ ના ઠરાવ ક્રમાંક: DST/MSC/e-file/24/2024/0916/E-Governance થી ઝોન વાઇઝ માન્યતા પ્રાપ્ત સંસ્થાઓનું બિડાણ**

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|---|---|
| ૧. | વિકલાંગ વિદ્યાવિહાર,<br>મુ.પો. માધાપર, કચ્છ-ભૂજ | કચ્છ ઝોન | કચ્છ |
| ૨. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ,<br>સ્ટેશન રોડ<br>મુ.પો.તા.ધોરાજી,<br>જિ. રાજકોટ | સૌરાષ્ટ્ર ઝોન | અમરેલી, ભાવનગર, બોટાદ, દેવભૂમી દ્વારકા, મોરબી, ગીર સોમનાથ, જામનગર, જુનાગઢ, પોરબંદર, રાજકોટ અને સુરેન્દ્રનગર. |
| ૩. | અંધજન મંડળ,<br>ડૉ. જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ | ઉત્તર ગુજરાત ઝોન | અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા,વાવ-થરાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા |
| ૪. | બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ,<br>પંચમુખી હનુમાન મંદિર સામે,<br>મંડાવ રોડ, દાહોદ | મધ્ય ગુજરાત ઝોન | આણંદ, છોટા ઉદેપુર, દાહોદ, ખેડા, મહિસાગર અને પંચમહાલ. |
| ૫. | નેશનલ એસોશીએશન ફોર ધી બ્લાઈન્ડ, | દક્ષિણ ગુજરાત ઝોન | ભરૂચ, ડાંગ, નર્મદા, નવસારી, સુરત, વડોદરા, વલસાડ અને તાપી. |